અપીલ અરજી નં.૩૭૮ તા.૪–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ લિંબાયત– ડીંડોલી ,સુરત મહાનગરપાલિકાના કોમ્યુનીટી હોલ નજીક, અષ્ટ વિનાયક પાર્ક સોસાયટીની માર્જીનની જગ્યા તથા સોસાયટીની સી.ઓ.પી.ની જગ્યાની સંપુર્ણ માહિતી.મુદ્દા નં.ર હાલ નવું નિર્માણ પામેલ અષ્ટ વિનાયક બિલ્ડીંગ (એપાર્ટમેન્ટ) ની પરવાનગી, કાયદેસરતા, માળ, ક્ષેત્રફળ, ઉંચાઈ, પાર્કીંગ સહિતની તમામ કાયદેસરતાની સંપૂર્ણ માહિતી મુદ્દા નં.૩ આપેલ પરવાનગી ઉપરાંતનું અનઅધિકૃત બાંધકામ થયેલ હોય તો તે બાબતે થઈ રહેલ ગેરરીતીની સંપૂર્ણ જવાબદારી જેતે ઝોનના અધિકારીઓની હોય તે જવાબદાર અધિકારીઓના હોદ્દા અને નામ સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૮/૨૦૧૦–૧૧.

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ લિંબાયત– ડીંડોલી ,સુરત મહાનગરપાલિકાના કોમ્યુનીટી હોલ નજીક, અષ્ટ વિનાયક પાર્ક સોસાયટીની માર્જીનની જગ્યા તથા સોસાયટીની સી.ઓ.પી.ની જગ્યાની સંપુર્ણ માહિતી. મુદ્દા નં.ર હાલ નવું નિર્માણ પામેલ અષ્ટ વિનાયક બિલ્ડીંગ (એપાર્ટમેન્ટ) ની પરવાનગી, કાયદેસરતા, માળ, ક્ષેત્રફળ, ઉંચાઈ, પાર્કીંગ સહિતની તમામ કાયદેસરતાની સંપૂર્ણ માહિતી મુદ્દા નં.૩ આપેલ પરવાનગી ઉપરાંતનું અનઅધિકૃત બાંધકામ થયેલ હોય તો તે બાબતે થઈ રહેલ ગેરરીતીની સંપૂર્ણ જવાબદારી જેતે ઝોનના અધિકારીઓની હોય તે જવાબદાર અધિકારીઓના હોદ્દા અને નામ સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબતે માહિતી કે કોઈ નિર્ણય નહીં મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવાપત્ર નં.આરટીઈઆઈ સેલ/૧૪૧૧ તા.૧૪–૩–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૮ તા.૧–૪–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૧૫૬ તા.૧૦–૩–૧૧ ના પત્રની નકલ, ઈન્સ્પેકશન આપ્યા અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૦૫ તા.૧–૪–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૪–૨–૧૧ ની અરીજીથી ડીંડોલી ,સુરત મહાનગરપાલિકાના કોમ્યુનીટી હોલ નજીક, અષ્ટ વિનાયક પાર્ક સોસાયટી બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં માહિતી ન મળતાં અરજદારે તા.૪–૩–૧૧ ના રોજ કોઈ માહિતી કે નિર્ણય ન મળેલ હોવાનું જણાવી તા.૪–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૧૫૬ તા.૧૦–૩–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.૧ લિંબાયત– ડીંડોલી ,સુરત મહાનગરપાલિકાના કોમ્યુનીટી હોલ નજીક, અષ્ટ વિનાયક પાર્ક સોસાયટીની માર્જીનની જગ્યા તથા સોસાયટીની સી.ઓ.પી.ની જગ્યાની સંપુર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયત ડીંડોલી સુમનપા ના કોમ્યુનીટી હોલની નજીક અષ્ટ વિનાયક સોસા.માં તથા ઉત્તર અને પૂર્વ સાઈડ ૬.૦ મી. અને બાકીની સાઈડ ૩.૦ મી. ની માર્જીન તેમજ ઉત્તર પશ્ચિમ ખુણામાં સીઓપી છે. મંજુર પ્લાનમાં દર્શાવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.ર હાલ નવું નિર્માણ પામેલ અષ્ટ વિનાયક બિલ્ડીંગ (એપાર્ટમેન્ટ) ની પરવાનગી, કાયદેસરતા, માળ, ક્ષેત્રફળ, ઉંચાઈ, પાર્કીંગ સહિતની તમામ કાયદેસરતાની સંપૂર્ણ માહિતી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં અગાઉ મધ્યસ્થ કચેરીએથી નં.ટીડીઓ/૨૩૯ તા.૧૨–૧–૦૫ ની પ્લાન મંજુર કરવામાં આવેલ જયાં લો રાઈઝમાં ગ્રા. +ત્રણ માળના 'એ' તથા 'બી' બિલ્ડીંગમાં અનુક્રમે કુલ ૪૩૫.૦૮ ચો.મી. અને ૫૪૩.૮૫ ચો.મી. ક્ષેત્રફળ મંજુર કરવામાં આવેલ છે. દેરક માળની ઉંચાઈ ૩.૦ મી. તથા કુલ પાર્કીંગ ૭૦૯ .૨૫ ચો.મી. દર્શાવેલ છે. મુદ્દા નં.૩ આપેલ પરવાનગી ઉપરાંતનું અનઅધિકૃત બાંધકામ થયેલ હોય તો તે બાબતે થઈ રહેલ ગેરરીતીની સંપૂર્ણ જવાબદારી જેતે ઝોનના અધિકારીઓની હોય તે જવાબદાર અધિકારીઓના હોદ્દા અને નામ સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર

માહિતી અધિકારી તરફથી લાગુ પડતું નથી તેવું જણાવેલ. વધુમાં પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/તા.૧–૪–૧૧ થી અરજદારને સ્પષ્ટતા અંગે તા.૭–૪–૧૧ ના રોજ બપોરે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન મંજુર પ્લાનની દફતરી ચકાસણી કરી ખરાઈ કરી માહિતી મેળવી શકો છો. તેવું જણાવેલ છે.

આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૬) હેઠળ દિન–૩૦ ની અવધિમાં સામાન્ય રીતે પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે છે. મહત્તમ ૪૫ દિવસમાં નિકાલ કરવાનો રહે છે. દિન–૩૦ થી વધુ સમયના નિકાલના કિસ્સામાં વિલંબિત નિકાલના કારણો દફતરે નોંધવાની જોગવાઈઓ છે. પ્રસ્તુત કિસ્સામાં અપીલ નિકાલ માટે રજૂ કરનાર જવાબદાર કર્મચારીની ફરજ ચૂકને કારણે સમય મર્યાદામાં અપીલ કાર્યવાહી સમક્ષ રજૂ થયેલ ન હોઈ વિલંબ થવા પામેલ છે જે સબંધિત કર્મચારીને તાકીદ કરવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ તથા અપીલ તબકકે અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપેલ પ્રત્યુત્તરની ખરાઈ સબબ દફતરી તપાસ ણીનો પ્રસ્તાવ પણ અરજદારને કરેલ છે. જેથી અપીલ અરજી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ